CS (Main) Exam, 20[redacted]

**URC–C–GJT**

# ગુજરાતી / GUJARATI

## ( ફરજિયાત ) / ( COMPULSORY )

| સમય મર્યાદા : ત્રણ કલાક<br>*Time Allowed : **Three Hours*** | મહત્તમ ગુણ : **300**<br>*Maximum Marks : **300*** |
| --- | --- |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :**

બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.

પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) આપવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.

પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

**Q1. નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** *100*

(a) ભારતમાં આરોગ્ય સેવાઓની સ્થિતિ

(b) ભારતીય કૃષક કાયદા, 2020ની સાર્થકતા

(c) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020ના પડકારો

(d) વર્તમાન સમયમાં કૃત્રિમ બૌધ્ધિકતાની (Artificial Intelligence – AI) ઉપયોગિતા

**Q2. નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ, સાચા અને સંક્ષિપ્ત ઉત્તર તમારી ભાષામાં લખો.** *12×5=60*

જીવન અને પર્યાવરણનો એકમેક સાથે ગાઢસંબંધ છે. સર્વ જીવધારિયોનું જીવન પર્યાવરણની ઉપજ છે. અતઃ આપણાં સર્વના, તન, મનની રચના, શક્તિ, સામર્થ્ય અને વિશેષતાઓ સર્વ સંપૂર્ણપણે પર્યાવરણ દ્વારા જ નિયંત્રિત થાય છે, તેમાં જ તેનો ઉછેર અને વિકાસ થાય છે. વસ્તુતઃ જીવન અને પર્યાવરણ એકબીજા સાથે એ રીતે સંલગ્ન છે કે બંનેનું સહઅસ્તિત્વ અતિઆવશ્યક છે.

પર્યાવરણ આપણું રક્ષાકવચ છે. જે પ્રકૃતિ દ્વારા આપણને વારસામાં મળ્યું છે. એ અર્થમાં પર્યાવરણ આપણા સૌ માટે પાલનહાર (રખેવાળ) ને જીવનઆધાર છે. પર્યાવરણ મુલતઃ પ્રકૃતિની દેન છે. આ ભૂમિ, વન-પર્વતો, નદી-ઝરણાં, મરુસ્થળ, મેદાનો, ઘાસનાં જંગલો, અસંખ્ય વિવિધરંગી પશુ-પક્ષીઓ, ખળખળતી ઝીલો અને સરોવરથી ભરેલા છે. નિર્મળ જળથી છલોછલ ભરેલાં છે. વળી તેના ઉપરથી પસાર થતો શીતળ સુવાસિત મંદ-મંદ લહેરોનો વહેતો ડોલતો વાયુ તથા ગર્જતા વરસતા અમૃતધાર વાદળ — આ સર્વે ધરતી પર વસતાં મનુષ્યના વિકાસ અને સુખ-સમૃધ્ધિ માટે એક સંતુલિત પર્યાવરણનું નિર્માણ કરે છે. પરંતુ પર્યાવરણનું આ પ્રાકૃતિક સંતુલન પૂર ઝડપે પ્રદૂષિત થઈ રહયું છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે ધરતીના આટલા સ્રોતોનું આટલું બેસૂમાર પતન થઈ રહયું છે. પર્યાવરણની આ ભેંટ, આ વરદાનનું આ પ્રકારે અવિવેકપૂર્ણ મનુષ્ય દૂરુપયોગ કરી રહયો છે કે સંપૂર્ણ સક્રિય પ્રકૃતિતંત્ર અસંતુલિત થઈ રહયું છે. હવે એ દિવસો દૂર નથી કે જયારે ધરતી પર સો વર્ષ જૂનો હિમયુગ ફરી આવે અથવા ધ્રુવો પર હિમ(બરફ)ની મોટી પરત પીગળવાથી સમુદ્રના પ્રલંયકારી વાવાજોડાં, નગર, વન-પર્વતો અને જીવ-જંતુઓને ગળી જાય.

એ પણ એટલું જ સાચું છે કે પર્યાવરણને વિકૃત અને દૂષિત કરનારી આ સર્વે આફતો માટે આપણે પોતે જ જવાબદાર છીએ. આપણે સ્વયં પ્રકૃતિનું સંતુલન ધ્વંસ કરી રહયાં છીએ. આ જ અસંતુલનથી ભૂમિ, વાયુ, જળ અને ધ્વનિના પ્રદૂષણ ઉત્પન્ન થાય છે. પર્યાવરણ પ્રદૂષણથી ફેંફસાનો રોગ, હૃદય અને પેટની બીમારીઓ જોવા અને સાંભળવાની ક્ષતિઓ, માણસિક તણાવ અને અનેક રોગમાં વધારો થઈ રહયો છે. આપણે સૌ જાણીએ છીએ કે ધરતી પરનું જીવન પ્રકૃતિના, પર્યાવરણના સંતુલનથી આ સંભવિત થયું છે. ધરતી વનસ્પતિઓથી ઢંકાઈ ન જાય એટલે ઘાસ ઘાનાર પશુઓ પર્યાપ્ત સંખ્યામાં હતા. આ ઘાસ ખાનાર પશુઓની સંખ્યાને સીમિત કરવા માટે હિંસક જંતુઓ પણ હતાં ને છે. આ ત્રણેયની માત્રા સંતુલિત અને નિયંત્રિત છે. આધુનિક યુગમાં વૈજ્ઞાનિક આવિષ્કારો, ઉદ્યોગ-ધંધાના અત્યંત વિકાસ અને વિસ્તૃતીકરણ સાથે જનસંખ્યાનો પણ ભયાવહ વિસ્ફોટ થયો છે.

(a) આ કથનનું આશય સ્પષ્ટ કરો કે ‘જીવન અને પર્યાવરણનો એકમેક સાથે ગાઢસંબંધ છે’. *12*

(b) પર્યાવરણ અને પ્રકૃતિનો સંબંધ કઈ રીતે માન્ય છે ? *12*

(c) પ્રકૃતિ સંતુલિત પર્યાવરણનું નિર્માણ કઈ રીતે કરે છે ? *12*

(d) પર્યાવરણ-અસંતુલનથી આપણાં જીવનમાં કઈ રીતે હાનિ થઈ રહી છે ? *12*

(e) પર્યાવરણ પ્રદૂષણથી આપણાં જીવનમાં કયાં-કયાં રોગો ઉત્પન્ન થયા છે ? *12*

**Q3.** **નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ લગભગ એક તૃતીયાંશ શબ્દોમાં, તમારાં શબ્દોમાં લખો. શીર્ષક આપવાની જરૂર નથી.** ***60***

ભારતની એકતા અને સ્વતંત્રતા એકજ સિક્કાની બે બાજુ છે. જો આપણા હાથથી એકતા સરી જશે તો સ્વતંત્રતા પણ દ્વાર ખોલી બહાર નીકળી જશે માટે સમગ્ર ભાસવાસીઓનું પ્રથમ કર્તવ્ય એ છે કે પૂરી નિષ્ઠાથી આપણી રાષ્ટ્રીય એકતાની રક્ષા કરે. આપણો દેશ સમગ્ર ભાષા સમસ્યાઓથી પર, મોટો અને વિશાળ છે. એકતાની રક્ષા માટે આપણે અપમાન સહેવું પડે તો આપણે સહન કરી લેવું જોઈએ. એકતાની રક્ષા માટે જો આપણે અન્યાય સહેવો પડે તો આપણે અન્યાય પણ સહન કરીશું. આ બધુ એટલે સહન

કરવાનું છે કે ભારતની એકતા જ્યારે સશકત અને બળવાન થઈ જશે, ત્યારે આપણું અપમાન કોઈ નહીં કરી શકે અને ત્યારે દેશનો એક ભાગ બીજા ભાગ સાથે અન્યાય કરવાનું પણ ભૂલી જશે. આજે આપસી આર્થિક સ્થિતિ મજબૂત છે, તો આપણાં લડાઈ-ઝઘડા પણ રોકી શકાશે. જોતેરહે તો પણ તેમાં પહેલાં જેવી કટુતા નહીં રહે કારણ સુત, જ્ઞાની વ્યક્તિના વિચારને પ્રભાવિત કરે છે.

એકતાની રક્ષા માટે, રક્ષા સાથે આપણું બીજું મહતાનું કર્તવ્ય એ છે કે આપણે ભારતના એ રૂપને સુધારવાનો પ્રયાસ કરીએ છે કે સાકાર કરવા માટે તે સ્વાધીન બન્યો છે. ભારતની આઝાદીને મળેલ **૭૩** વર્ષ પૂરા થયાં છે. કિંતુ હજી આપણે હજી કેટલાંય નવા પડાવ પાર કરવાના છે. સ્વાધીનતા કેવળ રોટીનો જ પર્યાય નથી. સ્વાધીનતા કારખાનાઓની સ્થાપના કરવાની યોગ્યતા પણ નથી. સ્વાધીનતાનો વાસ્તવિક અર્થ આત્માની એ સ્વતંત્રતા, માનસની મુક્તિ છે જેના કારણે રાષ્ટ્ર પોતાના વ્યક્તિત્વને પૂર્ણ લયમાં અભિવ્યક્ત કરે છે. જો કોઈ જન ભૂખ્યું છે તો તેની સમક્ષ દરિદ્રતા પર ભાષણ આપવું વ્યર્થ છે.

ભારત એ કોઈ નવો દેશ નથી. જે ભાષામાં તેની સંસ્કૃતિનો વિકાસ થયો હોય તે સંસારની સૌથી પ્રાચીન ભાષા છે; જે ગ્રંથો ભારતીય સભ્યતાનો આદિ ગ્રંથ ગણાય છે, તે સંપૂર્ણ માનવતાનો પણ પ્રાચીનતમ ગ્રંથ છે. અનેક વિદેશી આક્રમણો પછી પણ ભારત પોતાની સ્વસંસ્કૃતિથી પાછા વળવા તૈયાર નથી થયો. નવી ઔદ્યોગિક તથા વૈજ્ઞાનિક સભ્યતા પણ ભારતનો પોતાના ભૂતકાળ, પોતાની સંસ્કૃતિ પરના પ્રેમને છીનવી નહી શકે. માત્ર એટલું જ નહિ એ પણ એટલું જ સત્ય છે કે છેલ્લા અઢીસો વર્ષથી આપણી સામે જે પ્રસ્તુત થયું છે એ જ્ઞાનનો બ્રહદ ભાગ બૃહદ સત્ય છે જેનું વિસ્મરણ છેલ્લા છ હજાર વર્ષોમાં થયું છે. ભારત નૂતન, નવીન સત્ય ઈચ્છે, પ્રયત્નશીલ છે જે સમૃધ્ધિને, મૌલિકતાને સંભવિત બનાવે અને એ પ્રાચીન કાળના, પ્રાચીન સમય જે વીતી ગયો છે તે સત્યને પણ ઈચ્છે છે. વળી ભૌતિક સમૃધ્ધિ અર્થે આત્માના પતનને પણ પાપ ગણે છે.

જયારથી વિજ્ઞાનનો ઉદય થયો છે ત્યારથી સંસારના અધિકાંશ દેશોમાં આજે અતીત (ભૂતકાળ) પરાજિત અને વર્તમાન વિજયી થયો છે. ફકત ભારતમાં જ, ભારત જ એક એવો દેશ છે. જયાં અતીત આજે પણ યુધ્ધ કરી રહયો છે. આ સંગ્રામ ભારતમાં લાંબા સમયથી ચાલી રહયો છે. તો પણ ભારતનો અતીત આજે ન તો દૂર્બળ છે ન તો અપ્રાસંગિક. ભારતનો

અતીત હંમેશા વર્તમાન સાથે ભવિષ્ય તરફ આગળ ધપવા સક્ષમ રહ્યો છે. આજે પણ તે સ્વપથ પર અગ્રેસર છે. રામકૃષ્ણ અને વિવેકાનંદ, તિલક અને અરવિંદ આ સર્વે મહાપુરુષો અતીતના પક્ષકાર રહયાં. તેઓ વર્તમાન સંકેલીને ભવિષ્ય તરફ આગળ વધવાની પ્રેરણા આપી રહે છે. મહાત્મા ગાંધી સૌ પ્રથમ અતીતનો સ્વર બન્યાં આચાર્ય વિનોબા ભાવે પણ અતીતના ચશ્માથી વર્તમાન અને ભવિષ્યને જોઈ રહયા. રવીન્દ્રનાથ ટાગોર પણ નવાં હોવા છતાં પણ પ્રાચીનતાના, અતીતના સૌથી મોટા સમર્થક બન્યાં. આજે પણ આપણે અતીતને, પ્રાચીનતાને છોડી નથી. અતીત, પ્રાચીનતા આપણી સૌથી મોંઘી મૂડી છે.

(આશરે 508 શબ્દો)

**Q4. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો.** **20**

જીવનનું સત્ય એ છે કે જો સમય સાથે સાવચેત થઈ ના ચાલો તો તમારું ચરણ કીચડ કે ખાડામાં પડી શકે છે. આ જ સત્ય વિજ્ઞાનના વધતાં જતાં ચરણની સાથે પણ ચરિતાર્થ થાય છે. જો આપણે તેનો પ્રયોગ માનવ કલ્યાણ અને વિકાસ માટે કરીએ તો વિજ્ઞાન વરદાન બની શકે. તેની ઉપયોગીતા ને નકારી ના શકાય. પરંતુ તેનો ઉપયોગ વિધ્વંસકારી કાર્ય માટે થાય તો વિનાશનું કારણ બની જાય છે, સાથે અભિશાપ પણ સિધ્ધ થઈ શકે. આ વિધ્વંસકારી રૂપને કારણે જ વિજ્ઞાનથી મળતી ભૌતિક સુખ-સુવિધા આપણને માનસિક સુખ શાંતિ પ્રદાન કરવામાં અસમર્થ સિધ્ધ થઈ રહી છે. ભૌતિક પ્રગતિ સાથે માનવજીવન અત્યંત વ્યસ્ત, વ્યવસાયિક તથા ભૌતિકવાદી થઈ રહયું છે. અતઃ વિજ્ઞાન અને તેની ઉપલબ્ધિઓ એ માનવને આત્મિક સુખશાંતિથી વંચિત્ કરી નાખ્યું છે. નૈતિક મૂલ્યો અને માનવીય સંબંધોનો હ્રાસ થયો છે પરંતુ આમાં પણ દોષ તો માનવનો જ છે જેણે આના દુરુપયોગથી સ્વને ભીષણ સંકટમાં મૂકી દીધું છે. મોટા મોટા ભયાનક સંહારક અસ્ત્ર-શસ્ત્ર તેના પ્રમાણ છે.

જો મનુષ્ય પોતાના વ્યક્તિગત સ્વાર્થને છોડી જનહિતના વિચારથી વિજ્ઞાનના વધતાં ચરણોનો ઉપયોગ કરે તો નિસંદેહ આ માનવપ્રગતિ માટે મંગલમય સિધ્ધ થશે.

**Q5.** નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો : *20*

One of India's greatest musicians was M.S. Subbulakshmi, affectionately known to most people as 'MS'. Her singing brought joy to millions of people not only in all parts of our country, but in other countries around the world as well. In October 1966, MS was invited to sing in the great hall of the General Assembly of the United Nations in New York, while representatives of all the member countries listened. This was one of the greatest honours ever given to any musician. For several hours MS kept that international audience spellbound with the beauty of her voice and her style of singing; when the concert was over, the entire audience stood up and clapped as a sign of their appreciation of not only the singer but of the great music that she had carried with her from an ancient land. India could not have had a better ambassador. MS was the first musician ever to be awarded the 'Bharat Ratna', India's highest civilian honour. She was the first Indian musician to receive the Ramon Magsaysay Award in 1974 with the citation reading "exacting purists acknowledge Shrimati M.S. Subbulakshmi as the leading exponent of classical and semi-classical songs in the Carnatic tradition of South India".

**Q6. (a)** નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો. *2×5=10*

(i) છેડે ગાંઠ વાળવી *2*

(ii) બાર મલકનું જોર *2*

(iii) ક્કકો ખરો કરવો *2*

(iv) એદીનો અખાડો *2*

(v) એક માળાના મણકા *2*

**(b)** શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. *1×5=5*

(i) કહી શકાય નહિ તેવું *1*

(ii) ઈચ્છા મુજબ ફરવું *1*

(iii) ચંદ્ર જેવા મુખવાળી *1*

(iv) ડૂબકી મારી સમુદ્રમાંથી મોતી કાઢનાર *1*

(v) રંગભૂમિનો પાછળનો ભાગ *1*

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. *1×5=5*

(i) યજમાન *1*

(ii) સંક્ષિપ્ત *1*

(iii) ચાહના *1*

(iv) અગ્રજ *1*

(v) વામન *1*

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો. *1×5=5*

(i) પુતળિ *1*

(ii) ઉંઘણશિ *1*

(iii) મુલ્યપત્રીકા *1*

(iv) જિર્ણશિર્ણ *1*

(v) કવચીત *1*

(e) નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો. *1×5=5*

(i) ઈશ્વર *1*

(ii) ધન *1*

(iii) દુશ્મન *1*

(iv) સૂર્ય *1*

(v) પુત્રી *1*

(f) નીચેની કહેવતોનો અર્થ આપો. *2×5=10*

(i) ચિંતા સે ચતુરાઈ ઘટે, દુ:ખ સે ઘટે શરીર *2*

(ii) ઘરડાં જ ગાડાં વાળે *2*

(iii) બારે બુધ્ધિ, સોળે જ્ઞાન, આવ્યાતો આવ્યા નહિ તો પથ્થર પહાણ *2*

(iv) નાની તો પણ રાઈનો દાણો *2*

(v) ભેંસ આગળ ભાગવત ને અંધા આગળ આરસી *2*